૧૫૦થી વધુ ગ્રાહકો ટાર્ગેટ પર, કડક રિકવરી ડ્રાઈવ શરૂ

VGLની બિલ ન ભરનારાઓ પાસે કડક વસૂલાત

સ્થળ પર જ ૮થી વધુ કનેક્શન કાપવામાં આવ્યા, ચેક આપવાથી કેટલાક ગ્રાહકોની કનેક્શન કાપવાની કાર્યવાહી ટળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩ વડોદરા ગેસ લિમિટેડ દ્વારા શહેરમાં ગેસ કનેક્શનના બાકી રહેલા બિલોની વસૂલાત માટે કડક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. લાંબા સમયથી બિલ ભરવામાં બેદરકારી દાખવતા ગ્રાહકો સામે હવે VGL એ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી છે, જેના ભાગરૂપે જેપી રોડ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ખાસ રિકવરી ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. VGLના રિકવરી વિભાગ દ્વારા જેપી રોડ પોલીસ સ્ટેશનની હદમાં એવા આશરે ૧૫૦ થી ૧૬૦ ગ્રાહકોને માહિતગાર કરવામાં આવ્યા છે, જેમણે લાંબા સમયથી પોતાના ગેસ બિલની ચુકવણી કરી નથી. આ ગ્રાહકોને અગાઉ બેક ઓફિસ દ્વારા ફોન કરીને અનેકવાર ચેતવણી આપવામાં આવી હતી, છતાં પણ તેમણે બાકી રકમ જમા કરાવી ન હતી. કાર્યવાહીના ભાગરૂપે VGLના આશરે ૫૦ થી ૬૦ કર્મચારીઓની ત્રણ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. સવારના ૧૦ વાગ્યાથી શરૂ થયેલી આ કામગીરીમાં, જે ગ્રાહકોએ બિલ ભરવામાં આનાકાની કરી હતી, તેમના ગેસ કનેક્શન સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન કોઈપણ પ્રકારનો અવરોધ ન આવે તે માટે જેપી રોડ પોલીસનો કાફલો પણ રિકવરી ટીમ સાથે જોડાયો હતો. આ ડ્રાઈવ દરમિયાન અત્યાર સુધીમાં ૮ થી ૧૦ કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે. જો કે, જે ગ્રાહકોએ સ્થળ પર જ બાકી રકમ ચૂકવી દીધી અથવા તો બાકી રકમના ચેક આપ્યા, તેમના કનેક્શન ડિસકનેક્ટ થતા બચી ગયા હતા. VGL ના અધિકારીઓના જણાવ્યા મુજબ, જે ગ્રાહકો અત્યારે પણ બાકી બિલ ભરવા તૈયાર છે, તેમના માટે કાર્યવાહી ટાળવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આગામી દિવસોમાં તાંદલજા અને કોટા વિસ્તાર સહિતના અન્ય વિસ્તારોમાં પણ આ ડ્રાઈવને સઘન બનાવવામાં આવશે.

સરકારી દવાની વાતો વચ્ચે દશરથમાં ભૂલકાંઓ રઝળ્યા

આંગણવાડીનું ૧૦ વર્ષમાં ૬ વખત સ્થળ બદલાયુ, હવે મકાન ખાલી કરવાનો વારો

કાયમી સરકારી મકાન ફાળવવા ગ્રામજનોની માગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩ એક તરફ રાજ્ય સરકાર શિક્ષણના સાર્વત્રિક વિકાસ, સ્માર્ટ સ્કૂલ અને આધુનિક બાળ સંભાળ કેન્દ્રોના મોટા મોટા દાવાઓ કરી રહી છે, ત્યારે બીજી તરફ વડોદરા નજીક આવેલા દશરથ ગામમાં તંત્રની ભારે બેદરકારી અને ઉદાસીનતા સામે આવી છે. ગામમાં આવેલી આંગણવાડી નંબર-9 છેલ્લા એક દાયકા (10 વર્ષ)થી પોતાના કાયમી મકાનથી વંચિત છે અને ભાડાના મકાનમાં ચલાવવાની ફરજ પડી રહી છે. તાજેતરમાં મકાન માલિક દ્વારા આંગણવાડી ખાલી કરવાની નોટિસ આપવામાં આવતા અહીં અભ્યાસ કરતા નાના ભૂલકાંઓનું ભવિષ્ય અને શિક્ષણ અદ્ધરતાલ બની ગયું છે. દશરથ ગામની વસ્તી આશરે 15 હજાર જેટલી છે. આટલી મોટી વસ્તી ધરાવતા અને ઝડપથી વિકસતા ગામમાં બાળ વિકાસ યોજના અંતર્ગત કામ કરતી આંગણવાડી માટે તંત્ર દ્વારા કાયમી મકાનની સુવિધા ઉપલબ્ધ કરાવી શકાયા નથી. વર્ષ 2016થી આંગણવાડી નંબર-9 ભાડાના મકાનમાં ચાલી રહી છે. કાયમી છત ન હોવાના કારણે આંગણવાડીના સંચાલકોને અવારનવાર જગ્યાઓ બદલવાની નોબત આવી છે. સરકારી તંત્રની ઉદાસીનતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે છેલ્લા 10 વર્ષના સમયગાળા દરમિયાન આ આંગણવાડીનું સરનામું 6 વખત બદલવું પડ્યું છે. વારંવાર સ્થળાંતર થવાને કારણે આંગણવાડીમાં આવતા નાના બાળકોને સ્થિર અને સુવિધાયુક્ત વાતાવરણ મળી શકતું નથી. બાળકો તેમજ તેમના વાલીઓએ વારંવાર નવી જગ્યાએ આંગણવાડી શોધવી પડે છે, જેના કારણે બાળકોના પ્રારંભિક શિક્ષણ અને પોષણ સંબંધિત પ્રવૃત્તિઓ પર માઠી અસર પડી રહી છે. હાલ આ આંગણવાડીમાં આશરે 20 જેટલાં નાના બાળકો નોંધાયેલા છે. આ ભૂલકાંઓને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને પોષણક્ષમ આહાર આપવા માટે આંગણવાડી મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ હવે મકાનમાલિક તરફથી જગ્યા ખાલી કરવાની નોટિસ મળી જતાં આંગણવાડી ક્યાં ખસેડવી તે યક્ષપ્રશ્ન બની ગયો છે.સ્થાનિક ગ્રામજનો અને આંગણવાડી સંચાલકો દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી આંગણવાડી માટે સરકારી જમીન ફાળવીને કાયમી મકાન બનાવવાની માંગ સાથે ઉચ્ચ સ્તરે અનેક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં પરિણામ શૂન્ય જ રહ્યું છે. ત્યારે ગ્રામજનોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પરિણીત હોવાની ઓળખ પણ છુપાવી

લગ્નની લાલચે યુવતીનું જાતિય શોષણ કરનાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩ વડોદરાના મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવતીને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્ન કરવાનો ઇનકાર કર્યો હતો. આરોપીએ યુવતીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપવા સાથે ધર્મ પરિવર્તન કરાવવાનો પ્રયાસ કરવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા ત્યારે પોલીસે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. તાંદલજા વિસ્તારમાં આવેલી મહાબલીપુરમ સોસાયટીમાં રહેતા આરોપી મિરાન મોઈનુદ્દીન કાદરીએ યુવતીને પોતાની સાથે લગ્ન કરશે તેવો વિશ્વાસ અપાવી લગ્નના ખોટા વાયદાઓ કર્યા હતા. આ વિશ્વાસના આધારે આરોપીએ યુવતી સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા.

હવસ સંતોષાઈ ગયા બાદ બાદમાં આરોપીએ લગ્ન કરવાની ના પાડી હતી. જેથી યુવતીએ પણ સંબંધ રાખવાની ના પાડતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને આરોપીએ યુવતીને ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ પણ બાંધવામા આવ્યો હતો. સાથે જ યુવતીનું ધર્મ પરિવર્તન કરાવવા માટેનો પણ પ્રયાસ કર્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

જેની ફરિયાદ યુવતીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેથી આરોપીને ઝડપી પાડવા એફ ડીવીઝનના મદદનીશ પોલીસ કમિશનર વી.પી. ગામીતની સૂચના મુજબ મકરપુરા પોલીસની અલગ અલગ ટીમો બનાવી શોધખોળ શરૂ કરવામાં આવી હતી દરમિયાન બાતમીના આધારે આરોપી મિરાન મોઈનુદ્દીન કાદરીને ઝડપી પાડ્યો હતો.

રણોલી બ્રિજનો ઉકેલ વાટાઘાટોમાં અટવાયો

યુટિલિટી લાઈન શિફ્ટિંગ ના થતાં કામગીરી ઠપ્પ, ઉદ્યોગકારો અને ગ્રામજનો પરેશાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩ વર્ષ ૨૦૨૫ના જુલાઈ મહિનામાં બનેલી ચર્ચાસ્પદ ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ તંત્ર દ્વારા જાગેલી આંખો વચ્ચે સમગ્ર વડોદરા જિલ્લાના જર્જરિત અને જૂના બ્રિજોની મજબૂતાઈ અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન વડોદરા નજીક રણોલી પાસે મીની નદી પર સ્થિત આશરે ૫૦ વર્ષ જૂનો બ્રિજ સુરક્ષા અને મજબૂતાઈના દૃષ્ટિકોણથી અત્યંત જોખમી જણાયો હતો. જેને પગલે તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે નવેમ્બર ૨૦૨૫થી આ બ્રિજ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે, બ્રિજ બંધ કરાયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં તેનો કોઈ કાયમી કે સંતોષકારક ઉકેલ આવ્યો નથી, જેના કારણે સ્થાનિક રહીશો તેમજ રોજિંદા વાહનચાલકોમાં ભારે નારાજગી અને રોષ ફેલાયો છે. રણોલીનો મીની નદી પરનો આ બ્રિજ બંધ થવાના કારણે સ્થાનિક વાહનવ્યવહાર પર વિપરીત અસર પડી છે. હાલમાં વાહનચાલકોને અનગઢ તરફના રામપુરા માર્ગે અથવા તો નંદેસરી રેલવે ફાટક થઈને અવરજવર કરવાની ફરજ પડી રહી છે. જેના લીધે લોકોને પોતપોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે રોજના ૪ થી ૫ કિલોમીટરનો વધારાનો ચક્કર લગાવવો પડે છે. પરિણામે વાહનચાલકોના કિંમતી સમય અને મોંઘા ઈંધણનો ભારે વ્યય થઈ રહ્યો છે. માર્ગ બદલાતા વાહનચાલકોની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થયો છે. નંદેસરી રેલવે ફાટક પરથી દિવસ દરમિયાન અવારનવાર ટ્રેનો પસાર થતી હોવાથી ફાટક વારંવાર બંધ રહે છે. આના કારણે વાહનોની લાંબી લાઈનો લાગે છે અને કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાઈ રહેવું પડે છે. બીજી તરફ, અનગઢ તરફનો રામપુરા માર્ગ કાચો હોવાથી અને તે પરથી સતત ભારદારી વાહનોની અવરજવર રહેતી હોવાથી ધૂળની ડમરીઓ અને અકસ્માતનો મોટો ભય ઊભો થયો છે. આ ઉપરાંત વિસ્તારના ઈન્ડસ્ટ્રીયલ એકમો, કંપની સંચાલકો અને કર્મચારીઓને પણ માલ-સામગ્રીની હેરાફેરી કરવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જૂના બ્રિજના નવીનીકરણ તથા સમારકામ માટે તેના પરથી પસાર થતી વિવિધ સેવાઓની યુટિલિટી લાઈનોને સ્થળાંતરિત (શિફ્ટ) કરવી અત્યંત જરૂરી છે. પરંતુ આ લાઈનોના શિફ્ટિંગ માટે સંબંધિત વિભાગો અને તંત્ર વચ્ચે ચાલતી વાટાઘાટો અને મંજૂરીઓની પ્રક્રિયા મધ્યમાં જ અટવાઈ પડી છે. સાથે સાથે નવા બ્રિજ નિર્માણની કામગીરી અને તેની ગુણવત્તા/સલામતી અંગે પણ સ્થાનિકો દ્વારા અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. ગંભીરા દુર્ઘટનામાંથી પાઠ ભણીને બંધ કરાયેલો આ બ્રિજ હવે વહેલી તકે રિપેર થાય અથવા યુદ્ધના ધોરણે નવો બ્રિજ તૈયાર કરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી આસપાસના ગ્રામજનો અને ઉદ્યોગકારો માંગ કરી રહ્યા છે.

150થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો

MSUમાં તરાના વિષયક વિશેષ કાર્યશાળા યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના ભારતીય શાસ્ત્રીય સંગીત-ગાયન વિભાગ દ્વારા આજે ગાયન-વાદન સભાખંડ ખાતે તરાના વિષયક વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં આશરે 150 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભમાં ગાયન વિભાગના અધ્યક્ષ ડો. રાજેશ કેળકરે તરાનાના ઐતિહાસિક અને સંગીતશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય વિશે માહિતી આપી હતી. તેમણે સામવેદથી લઈને આજ સુધી તરાનાના વિકાસ અને ગ્વાલિયર ગાયકીમાં પ્રચલિત તરાનાના પ્રકારો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

કાર્યશાળાના મુખ્ય મહેમાન પુણેના જાણીતા ગાયક અને પદ્મશ્રી પં. જિતેન્દ્ર અભિષેકીના શિષ્ય ડો. સમીર દુબળેએ વિદ્યાર્થીઓને રાગ મારુબિહાગ, પૂર્વ કલ્યાણ અને બિહાગમાં તીનતાલમાં નિબદ્ધ તરાનાની બંદિશો શીખવાડી હતી. તેમણે તરાનાની સ્વરરચના, લય અને રજૂઆતની બારીકીઓ વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

તબલા પર લક્ષ્મીકાંત ગુરવ, હાર્મોનિયમ પર દુષ્યંત દ્રુપોલિયા અને તાનપુરા પર મંત્રજ્ઞ ભાટિયાએ સંગત પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંયોજન ડો. મકરંદ સરપોતદારે કર્યું હતું. વિદ્યાર્થીઓ માટે તરાનાની પરંપરા અને રચનાત્મકતાનો પ્રત્યક્ષ અનુભવ કરાવતી આ કાર્યશાળા જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બની રહી હતી.

વડોદરાના આજવા રોડ પરનું કમલાનગર તળાવ જળકુંભીથી ઘેરાયું

વડોદરા : આજવા રોડ પર સ્થિત અને વોર્ડ નંબર ૪ માં આવતા કમલાનગર તળાવની સ્થિતિ હાલ અત્યંત વિકટ અને ગંભીર બની ગઈ છે. સમગ્ર તળાવમાં જળકુંભીનું સામ્રાજ્ય છવાઈ જતાં તળાવ હરીભરી મેદાન જેવું દેખાઈ રહ્યું છે, જેના કારણે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. તળાવની આસપાસથી પસાર થવું પણ સ્થાનિક રહિશો અને નાગરિકો માટે મુશ્કેલ બની ગયું છે. નેતાઓ અને કોર્પોરેટરો માત્ર રિબિન કટિંગ કે ઉદ્ઘાટનના કાર્યક્રમોમાં જ મસ્ત રહેવાને બદલે પ્રજાના મુશ્કેલ પ્રશ્નો તરફ ધ્યાન આપે અને સ્થળ પર આવીને કાયમી નિરાકરણ લાવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિકોએ ચીમકી આપતા જણાવ્યું છે કે વોર્ડ નંબર ૪ ના તમામ તળાવો અને ગાર્ડનની સફાઈ સત્વરે હાથ ધરવામાં આવે. જો તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તળાવમાંથી જળકુંભી દૂર કરી સફાઈ કરવામાં નહીં આવે, તો તળાવમાંથી નીકળેલો તમામ કચરો એકત્ર કરીને કોર્પોરેટરો અને જવાબદારી અધિકારીઓની ઓફિસમાં ઠાલવવામાં આવશે.

રાજમાર્ગો પર તિરંગા અને રાષ્ટ્રપ્રેમની ચીજવસ્તુઓનું વેચાણ પૂરજોશમાં

૧૫ મી ઑગસ્ટની પૂર્વસંધ્યાએ વડોદરામાં દેશભક્તિનો માહોલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩ આગામી ૧૫ મી ઑગસ્ટના રોજ દેશભરમાં ૭૯મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે, ત્યારે સંસ્કારી નગરી વડોદરાના રાજમાર્ગો અને ચોકમાર્ગો પર અત્યારથી જ દેશપ્રેમનો અદભુત માહોલ જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો આદર અને દેશભક્તિની ભાવના વ્યક્ત કરવા માટે શહેરીજનોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે, જેને કારણે વડોદરાના રસ્તાઓ પર કેસરી, સફેદ અને લીલા રંગની ત્રિરંગી રોનક છવાઈ ગઈ છે. સ્વતંત્રતા દિવસની ઉજવણીના આગલા દિવસોમાં શહેરના મુખ્ય વિસ્તારો જેવા કે લહેરીપુરા ગેટ, મંગળબજાર, ન્યાયમંદિર, અલકાપુરી, ફતેહગંજ અને કારેલીબાગ જેવા વ્યસ્ત વિસ્તારોમાં પરપ્રાંતીય વેપારીઓનો મોટો જમાવડો જોવા મળી રહ્યો છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાંથી આવેલા અનેક પરિવારો દર વર્ષે આ રાષ્ટ્રીય તહેવાર અગાઉ વડોદરા આવી પહોંચે છે અને અસ્થાયી લારીઓ લગાવીને કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત બાળકો અને યુવાનો માટે ખાસ પ્રકારના 'પેપર બેઝ', 'મેટલ બેઝ' અને કપડાં પર ચોંટાડવાના સ્ટીકર્સ પણ ભારે માંગમાં છે. ત્રિરંગી રંગની કેપ્સ, હેડબેન્ડ્સ અને હાથમાં પહેરવાના 'રિસ્ટબેન્ડ' યુવાનો અને સ્કૂલના વિદ્યાર્થીઓમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, તેમજ શાળાઓમાં યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ખાસ સજાવટની વસ્તુઓ પણ પૂરજોશમાં વેચાઈ રહી છે. આ વર્ષે બજારમાં સારો એવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વિશ્વકર્મા પંચાલ સમાજ દ્વારા સ્નેહમિલન ભાઈચારો સંમેલનનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વિશ્વકર્મા પંચાલ સમાજ ટ્રસ્ટ, વડોદરાના પ્રમુખ દિલપકુમાર વિઠ્ઠલભાઈ પંચાલ તરફથી જણાવવાનુ કે સ્નેહમિલન ભાઈચારો સંમેલન તા. 9-8-26ના રોજ રાખવામાં આવેલ છે. હવે પછીથી તા. 20-9 અથવા 18-10 ને રવિવારે સદર લગ્ન થઇ શકે તે હેતુથી પંચાલ, મિસ્ત્રી, લુહાર, સુથાર, મેવાડા, ગજ્જર વિશ્વકર્મા વગેરેમાટે કરવામાં આવશે. તો સદરના માટે ફોર્મ ભરી જવા બધાય યુવક, યુવતી ઓ કુવારા, છુટા છેડા, સીનીયર સીટીઝન વગેરે પ્રમુખ દિલીપકુમાર પંચાલ રહે. કંસારા પોળની અંદર, શ્રી રામ ટમટમની દુકાન પાછળ, ચોખંડી, વડોદરા સમય બપોરે ૨ થી ૨-30 તથા સાંજના 6-30 થી 7-30 સમયે રૂબરૂમાં આવીને લઇ જવા તથા ભરીને આપી જવા નમ્ર વિનંતી છે. વિદ્યાર્થીઓ ધો. ૭ થી ધો. 12 તથા કોલેજના ગ્રેઝયુએટ થયેલ 80 ટકા આવેલ હોય તેઓએ સત્કાર સમારંભ કરવાનુ હોવાથી ફોર્મ ભરી જવા વિનંતી છે.

આરોગ્ય જાગૃતિ, રક્તદાન અને યુવા સેવા પ્રવૃત્તિઓને વેગ મળશે

MSU અને ઈન્ડિયન રેડ ક્રોસ વચ્ચે 5 વર્ષનો સમજૂતી કરાર

વિદ્યાર્થીઓમાં સેવાની ભાવના વિકસશે: ડો. ચુડાસમા

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 આરોગ્ય જાગૃતિ, માનવતાવાદી સેવા અને યુવા સહભાગિતાને પ્રોત્સાહન આપવાના હેતુથી એમ.એસ. યુનિવર્સિટી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જિલ્લા શાખા વચ્ચે 5 વર્ષ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી વતી રજિસ્ટ્રાર ડો. કે. એમ. ચુડાસમા અને રેડ ક્રોસ વતી અધ્યક્ષ કૃષાંગ રેવરેએ હસ્તાક્ષર કર્યા હતા. કરાર મુજબ બંને સંસ્થાઓ સંયુક્ત રીતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરો, થેલેસેમિયા જાગૃતિ અને સ્ક્રીનિંગ, વિદ્યાર્થીઓ-કર્મચારીઓ માટે આરોગ્ય તપાસ, પ્રાથમિક સારવાર-સીપીઆરની તાલીમ, આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમો અને યુથ રેડ ક્રોસની પ્રવૃત્તિઓનું આયોજન કરશે. રેડ ક્રોસ દ્વારા કાર્યક્રમો માટે ટેકનિકલ નિષ્ણાતો, તાલીમકારો અને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવશે. સાથે જ થેલેસેમિયા દર્દીઓ માટે અઠવાડિયામાં બે વખત નિઃશુલ્ક રક્ત અને લાઇસન્સ ધરાવતી બ્લડ બેંક દ્વારા રિપ્લેસમેન્ટ વિના રક્તની સુવિધા પણ આપવામાં આવશે. રજિસ્ટ્રાર ડો. કે. એમ. ચુડાસમાએ જણાવ્યું કે યુનિવર્સિટીની જવાબદારી માત્ર શિક્ષણ પૂરું પાડવાની નથી, પરંતુ સામાજિક રીતે સંવેદનશીલ નાગરિકો ઘડવાની પણ છે. આ સહયોગથી વિદ્યાર્થીઓને રક્તદાન, પ્રાથમિક સારવાર અને આપત્તિ પૂર્વતૈયારી જેવા ક્ષેત્રોમાં પ્રત્યક્ષ કામ કરવાની તક મળશે. આ સમજૂતી બિનનાણાકીય સ્વરૂપની છે અને તેનો ઉદ્દેશ્ય યુવા સહભાગિતા દ્વારા સમાજસેવાની પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવાનો છે.

૯ ઈંચની લાઈન પર ૧૦ ઈંચનો સાંધો માર્યો, ભુલ સુધારવા બે વાર રસ્તો ખોદ્યો

વડોદરા :વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ની કચેરી નજીક અને ખંડેરાવ માર્કેટ પાછળ આવેલી લિટલ ફ્લાવર સ્કૂલ પાસે તાજેતરમાં જ નાખવામાં આવેલી નવી પાણીની પાઈપલાઈનમાં અચાનક મોટું લીકેજ સર્જાયું હતું. પાણીનું લીકેજ થતાં જ તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરવાના ભાગરૂપે મુખ્ય રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો અને સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ, લીકેજ સમારકામ દરમિયાન મહાનગરપાલિકાની ઘોર બેદરકારી છતી થઈ હતી. પાલિકા પાસે તે સમયે ૯ ઈંચની પાઈપલાઈન માટે યોગ્ય સાંધો ઉપલબ્ધ ન હતો. આથી, જવાબદાર કર્મચારીઓએ ઉતાવળમાં કામ પતાવવાના ચક્કરમાં ૯ ઈંચની લાઈન ઉપર ૧૦ ઈંચની લાઈનનો સાંધો મારીને કામચલાઉ સમારકામ પતાવી દીધું હતું. ત્યારબાદ જ્યારે તંત્ર પાસે ૯ ઈંચની પાઈપનો યોગ્ય સાંધો તૈયાર થઈને આવ્યો, ત્યારે પાલિકાના કર્મચારીઓએ ફરીથી એ જ સ્થળે રસ્તો ખોદી નાખ્યો હતો. એક જ જગ્યાએ ટૂંકા સમયગાળામાં બે-બે વખત રસ્તો બંધ કરાતા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

શહેર પોલીસ વિભાગ અને ડોનેટ લાઈફ ફાઉન્ડેશન સાથે ભાગીદારીની પહલ

સ્ટર્લિંગ હોસ્પિટલ દ્વારા અંગદાન ઈકોસિસ્ટમને મજબૂત બનાવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રેસ કોર્સ રોડ, વડોદરાએ વડોદરા શહેર પોલીસ અને ડોનેટ લાઈફ ફાઉન્ડેશનના સહયોગથી મોટા પાયે અંગદાન જાગૃતિ અભિયાનનું આયોજન કર્યું હતું, જેથી લોકોને અંગદાનની જીવન- પરિવર્તનશીલ અસર વિશે માહિતગાર કરી શકાય અને નાગરિકોને તેમનાં અંગોનું દાન કરવા અંગે જાણકાર નિર્ણયો લેવા પ્રોત્સાહિત કરી શકાય. આ ત્રિપક્ષી ભાગીદારી એક મજબૂત કારણ્યકારી ઈકોસિસ્ટમ સ્થાપિત કરે છે, જેનો હેતુ સમયસર અંગ પુનઃ પ્રાપ્તિ અને પ્રત્યારોપણ દ્વારા જીવન બચાવવા અને સહજ ગ્રીન કોરિડોર દ્વારા ઝડપી અંગ પરિવહનને સરળ બનાવવાનો છે. આ કાર્યક્રમ સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રેસકોર્સ રોડ, વડોદરા ખાતે મુખ્ય અતિથિ તરીકે શ્રી નરસિંહ કોમર, આઈપીએસ, પોલીસ કમિશનર, વડોદરા અને શ્રી નિલેશ માંડલેવાલા, પદ્મશ્રી એવોર્ડ વિજેતા અને ડોનેટ લાઈફના સ્થાપક, અતિથિ વિશેષ તરીકે, (યુનિટના મુખ્ય પ્રતિનિધિ) અને પોલીસ કર્મચારીઓ અને તબીબી સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સહયોગના ભાગરૂપે હોસ્પિટલ અંગદાન માટે પાત્ર બ્રેનડેડ દર્દીઓને મહત્ત્વપૂર્ણ તબીબી સહાય અને સંભાળ પૂરી પાડશે.

IMA Vadodara દ્વારા ડૉ. બી. જે. વાસા ઓરેશનનું આયોજન કરાયું

વડોદરાઃ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) વડોદરા દ્વારા ડૉ. બી. જે. વાસા ઓરેશનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જાણીતા વરિષ્ઠ ડાયાબેટોલોજિસ્ટ અને મેટાબોલિક ફિઝિશિયન ડૉ. શૈલેશ સી. ત્રિવેદી દ્વારા તબીબી ક્ષેત્રને લગતા મહત્વપૂર્ણ વિષય પર માહિતીસભર અને માર્ગદર્શક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. IMA વડોદરાના પ્રમુખ ડૉ. મિતેશ સી. શાહના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં તબીબોએ ઉપસ્થિત રહી જ્ઞાનવર્ધક સત્રનો લાભ લીધો.તબીબી જ્ઞાનનું આદાન-પ્રદાન અને સતત શિક્ષણ દ્વારા તબીબી ક્ષેત્રમાં શ્રેષ્ઠતા તરફનું એક વધુ પગલું.

અભિલાષ, જનમેજય અને પ્રથાએ ટેબલ ટેનિસમાં મેળવી જીત

વડોદરાઃ સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ચાલી રહેલી UTT 4th Gujarat State Ranking Table Tennis Tournamentમાં અમદાવાદના અભિલાષ રાવલ, અરવલ્લીના જનમેજય પટેલ અને અમદાવાદની પ્રથા પવારે શાનદાર રમતનું પ્રદર્શન કરી અનુક્રમે મેન્સ, જુનિયર બોયઝ U-19 અને જુનિયર ગર્લ્સ U-19ના ખિતાબ જીત્યા હતા. મેન્સ ફાઈનલમાં બીજા ક્રમાંકિત અભિલાષ રાવલે ભવનગરના આઠમા ક્રમાંકિત પૂજન ચંદારણાને 4-0થી હરાવ્યો હતો. રાવલે 11-9, 11-4, 11-9, 11-6ના સ્કોર સાથે એક પણ ગેમ ગુમાવ્યા વિના ખિતાબ પોતાના નામે કર્યો હતો. જુનિયર બોયઝ U-19માં ટોચના ક્રમાંકિત જનમેજય પટેલે અમદાવાદના દ્વિજ ભાલોડિયાને 4-2થી હરાવ્યો. આ સાથે જનમેજયે સિઝનની ત્રણેય સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટના ખિતાબ જીતવાની સિદ્ધિ મેળવી છે. જુનિયર ગર્લ્સ U-19માં પ્રથા પવારે ભવનગરની રિયા જયસ્વાલને 4-2થી હરાવી ચેમ્પિયન બની હતી. U-17 બોયઝમાં અમદાવાદના માલવ પંચાલે કચ્છના નૈરિત વૈદ્યને 3-1થી હરાવ્યો હતો. પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ માલવે સતત ત્રણ ગેમ જીતી વાપસી કરી હતી.U-17 ગર્લ્સની ફાઈનલમાં વડોદરાની ચાર્મી ત્રિવેદી અને સુરતની ડાનિયા ગોડિલ સામસામે ટકરાશે. ચાર્મીએ વિશ્રુતિ જાદવને 3-2થી, જ્યારે ડાનિયાએ ખાનક શાહને 3-0થી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા

નવરાત્રી મહોત્સવ-૨૦૨૬

www.vmc.gov.in

ટી.પી.ના પ્લોટો, જમીનો/રસ્તા પૈકીની જગ્યા ગરબા માટે હંગામી ધોરણે ઉપયોગ કરવા બાબત.

આગામી નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ દરમિયાન વડોદરા મહાનગરપાલિકા હસ્તકની ટી.પી. સ્કીમના ખુલ્લા પ્લોટો, જમીનો/રસ્તા પૈકીની જગ્યાઓ ગરબાના હેતુ માટે ફાળવવા ગરબા આયોજકો/સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામા આવે છે. અરજી સાથે ર